જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત
બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧
:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨
:- suratdeo@gm...
web :-www.suratdeo.or

જા.નં./મા-૨/૨૦૨૪/ ૧૪૨૮૫ તા.૦૭/૧૦/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,તમામ
સુરત.જિ.સુરત

વિષય:- તા.૭ થી ૧૫ ઓકટોબર ૨૦૨૪ વિકાસ સપ્તાહની ઉજવણી બાબત.
સંદર્ભ:- (૧) કમિશનર શાળાઓની કચેરી,વિદ્યા સમીક્ષા કેન્દ્ર,ગુ.રા.,ગાંધીનગરનો પત્ર ક્રમાંક ઘ/માધ્ય/પરચ/૨૦૨૪/૯૪૬૭-૯૫૦૨ તા.૦૭/૧૦/૨૦૨૪ પત્ર અન્વયે.
(૨) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી,ગાંધીનગરનો પત્ર ક્રમાંક પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૪/૩૫૬૪-૩૬૨૪ તા.૦૭/૧૦/૨૦૨૪

આ સાથે સામેલ કમિશનર શાળાઓની કચેરી,વિદ્યા સમીક્ષા કેન્દ્ર,ગુ.રા.,ગાંધીનગર અને પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી,ગાંધીનગરના પત્ર અન્વયે ગુજરાત સરકાર દ્વારા તા. ૭ થી ૧૫ ઓકટોબર ૨૦૨૪ સુધી વિકાસ સપ્તાહની ઉજવણી કરવાનું આયોજન કરેલ છે. જેમાં આજરોજ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી સૌને વિગતવાર માર્ગદર્શન પુરૂ પાડવામાં આવેલ છે. તે અંગેનું પ્રેઝન્ટેશન આ સાથે સામેલ છે. એમાં જણાવેલ પ્રવૃત્તિઓ અંગે તમામ શાળાઓને જાણ તથા અમલ થવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણ :- ઉકત પરિપત્રની નકલ

ક્રમાંક: ઘ/માધ્ય/પરચ/૨૦૨૪/ ૯૪૬૭ - ૯૫૦૨

કમિશનર શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર,
પુનિત વનની સામે, સે-૧૯
ગુ.રા., ગાંધીનગર.
તા. ૦૭-૧૦-૨૦૨૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
તમામ.

વિષયઃ- તા. ૭ થી ૧૫ ઓકટોબર ૨૦૨૪ વિકાસ સપ્તાહની ઉજવણી બાબત.

સંદર્ભઃ- માન. અધિક મુખ્ય સચિવશ્રી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણના અધ્યક્ષપદે યોજાયેલ વિડીયો કોન્ફરન્સમાં આપેલ સૂચના.

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, ગુજરાત સરકાર દ્વારા તા. ૭ થી ૧૫ ઓક્ટોબર ૨૦૨૪ સુધી વિકાસ સપ્તાહની ઉજવણી કરવાનું આયોજન કરેલ છે, જેમાં હાથ ધરવાની થતી પ્રવૃત્તિઓ અંગે માન. અધિક મુખ્ય સચિવશ્રી દ્વારા આજરોજ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી આપ સૌને વિગતવાર માર્ગદર્શન પુરૂ પાડવામાં આવેલ છે. તે અંગેનું પ્રેઝન્ટેશન આ સાથે સામેલ છે. જેમાં જણાવ્યા અંગેની પ્રવૃત્તિઓ તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં યોજાય અને વિદ્યાર્થીઓ અને શિક્ષકો ગુજરાતની વિકાસ ગાથાથી પરિચિત થાય તે માટે આપની કક્ષાએથી સઘન પ્રયત્નો હાથ ધરવા આથી સૂચના આપવામાં આવે છે.

આપના જિલ્લામાં સરકારશ્રી દ્વારા સૂચિત કરેલ વિવિધ પ્રવૃત્તિઓ અંગે થયેલ કામગીરીની વિગતો શાળાઓમાંથી મેળવીને સંકલન કરી અત્રેના ઈમેઇલ ssmadhyamik3@gmail.com પર અચૂક મોકલી આપવાની રહેશે.

બિડાણ- પ્રેઝન્ટેશન

મદદનીશ શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા. ગાંધીનગર

**નકલ સવિનય રવાના જાણ સારૂ-**

- અંગત સચિવશ્રી, માન. અધિક મુખ્ય સચિવશ્રી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, સરદાર પટેલ ભવન, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન. અધિક મુખ્ય સચિવશ્રી, પ્રાથમિક અને માધ્ય.શિક્ષણ, વિદ્યા સમિક્ષા કેન્દ્ર, ગાંધીનગર.

# ભારત વિકાસ પ્રતિજ્ઞા

હું ભારતના જવાબદાર નાગરિક તરીકે પ્રતિજ્ઞા લઉં છું કે..

- મારા જીવનની પ્રત્યેક ક્ષણે હું દેશ માટે સમર્પિત રહીશ.
- હું સ્વનો વિચાર કરતા પહેલા સર્વનો વિચાર કરીશ. દેશના બધા જ સંસાધનોનો ઉપયોગ યોગ્ય રીતે કરીશ. દેશના સર્વાંગી અને સમાવેશી વિકાસ માટે અવિરત કાર્યરત રહીશ.
- હું મારા દેશના સમૃદ્ધ વારસાનું ગૌરવ કરીશ અને તેનું જતન કરીશ.
- હું મારા દેશના બંધારણીય મૂલ્યોનું જતન કરવા સદાય પ્રયાસરત રહીશ.
- જ્ઞાતિ, ધર્મ કે જાતિના તમામ બંધનોમાંથી મુક્ત રહી, બંધુતાની ભાવના સાથે મારા દેશને પ્રાધાન્ય આપીશ. 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ના સૂત્રને સાકાર કરવા ભારતની એકતા અને અખંડીતતા માટે સદાય પ્રતિબદ્ધ રહીશ.
- પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીજીએ જોયેલ વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા હું મન-વચન અને કર્મથી તત્પર રહીશ. 'રાષ્ટ્ર પ્રથમ'ના મંત્રને જીવનમંત્ર બનાવી મારા દેશના વિકાસ અને કલ્યાણ માટે હું તન-મન અને ધનથી અવિરત પ્રયાસરત રહીશ.

જય હિન્દ... ભારત માતા કી જય....

ક્રમાંક:પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૪/૩૫૬૪-૩૬૨૪
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. ૦૭/૧૦/૨૦૨૪

પ્રતિ

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
  અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, ભાવનગર, ગાંધીનગર, જામનગર
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ- તા. ૭ થી ૧૫ ઓકટોબર ૨૦૨૪ વિકાસ સપ્તાહની ઉજવણી બાબત.
સંદર્ભઃ- માન. અધિક મુખ્ય સચિવશ્રી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણના અધ્યક્ષપદે યોજાયેલ વિડીયો કોન્ફરન્સમાં આપેલ સૂચના.

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનુ કે, ગુજરાત સરકાર દ્વારા તા. ૭ થી ૧૫ ઓક્ટોબર 2024 સુધી વિકાસ સપ્તાહની ઉજવણી કરવાનું આયોજન કરેલ છે. જેમાં હાથ ધરવાની થતી પ્રવૃત્તિઓ અંગે માન. અધિક મુખ્ય સચિવશ્રી દ્વારા આજરોજ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી આપ સૌને વિગતવાર માર્ગદર્શન પુરૂ પાડવામાં આવેલ છે. તે અંગેનું પ્રેઝન્ટેશન આ સાથે સામેલ છે. તેમ જણાવ્યા અંગેની પ્રવૃત્તિઓ તમામ સરકારી, અનુદાનિત અને ખાનગી પ્રાથમિક શાળાઓમાં યોજાય અને વિદ્યાર્થીઓ અને શિક્ષકો ગુજરાતની વિકાસ ગાથાથી પરિચિત થાય તે માટે આપની કક્ષાએથી સઘન પ્રયત્નો હાથ ધરવા આથી સૂચના આપવામાં આવે છે. આપના જિલ્લામાં સરકારશ્રી દ્વારા સૂચિત કરેલ વિવિધ પ્રવૃત્તિઓ અંગે થયેલ કામગીરીની વિગતો દૈનિક ધોરણે તાલુકા અને શાળાઓમાંથી મેળવીને સંકલન કરી અત્રેની કચેરીને બીજા દિવસે સવારે ૧૧.૦૦ કલાક સુધીમાં અત્રેના ઈમેઇલ sankalan.dpe.guj@gmail.com પર અચૂક મોકલી આપવાનું રહેશે. માહિતી મોકલવાનું સામાન્ય સ્વરૂપ દર્શાવતું પત્રક આ સાથે સામેલ છે.

એક જ દિવસે એક કરતાં વધારે પ્રવૃત્તિઓ થયેલ હોય તો તેની વિગતો અલગ અલગ પત્રક સ્વરૂપે રજૂ કરવી.

બિડાણઃ- પ્રેઝન્ટેશન અને પત્રક

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ. રા. ગાંધીનગર

નકલ સવિનય રવાના જાણ સારૂ:-

- અંગત સચિવશ્રી, માન. અધિક મુખ્ય સચિવશ્રી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, સરદાર પટેલ ભવન, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન. અગ્ર સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), સચિવાલય, ગાંધીનગર

નકલ રવાનાઃ-

- સર્વે જિલ્લા લાઇઝન અધિકારીશ્રી, અત્રેની કચેરી, લાઇઝનના જિલ્લાઓ સાથે સંકલન કરી નિયમિત રીતે વિગતો એકત્ર કરવાની કામગીરી કરવા સારૂ.

# વિકાસ સપ્તાહ ઉજવણી

જિલ્લો/નગર

તારીખઃ-

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | ભાગ લેનાર શાળાઓની સંખ્યા | ભાગ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા | ભાગ લેનાર શિક્ષકોની સંખ્યા | ભાગ લેનાર વાલી/ સમાજના આગેવાનોની સંખ્યા | કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવનું નામ અને ટૂંકો પરિચય |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |